તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 30-Nov-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર નેશનલ બુલેટિન

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાના ભુવનેશ્વર ખાતે પોલીસ મહાનિર્દેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદને સંબોધન કરશે.

2) કેન્દ્ર સરકાર અને એશિયા વિકાસ બેન્ક - A.D.B. વચ્ચે 9 કરોડ 80 લાખ ડોલરના ઋણ કરાર પર હસ્તાક્ષર - બાગાયત સાથે સંકળાયેલા ખેડૂતોને લાભ થશે.

3) વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક હોવાનું જણાવતાં કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહ.

4) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે.

5) કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળોનું ઉદઘાટન કર્યું.

6) આજે લખનઉમાં સૈયદ મોદી આંતરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાની સેમીફાઈનલ.

..........................................................................

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PM-DGPS-IGPS-CONFERENCE (REV)

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે ભુવનેશ્વર પહોંચ્યા હતા. શ્રી મોદી આજે ઓડિશાના ભુવનેશ્વર ખાતે પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં ભાગ લેશે.

દેશના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને સુરક્ષા પ્રબંધકોને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા આ પરિષદ યોજાઇ રહી છે. જેમાં સરહદ પારના આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, દરિયાકાંઠાની સુરક્ષા અને  નવા ફોજદારી કાયદા સહિતના મુદ્દે સત્ર યોજાશે.  કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહે ગઈકાલે ત્રણ દિવસની આ પરિષદનું  ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ ગઈકાલે બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય હવાઈ મથક નજીક એક જાહેર સભાને સંબોધિત કરી હતી.  તેમણે એરપોર્ટથી રાજભવન સુધી રોડ શો પણ કર્યો હતો. બાદમાં, શ્રી મોદીએ પક્ષના  મુખ્યાલયમાં ભાજપના સાંસદો અને ધારાસભ્યો સાથે વાતચીત કરી હતી.

..............................................................................

# GOVT-ADB

કેન્દ્ર સરકાર અને એશિયા વિકાસ બેન્ક - A.D.B.એ  બાગાયત સાથે સંકળાયેલા ખેડૂતો લાભ આપવાના ઉદેશ્યથી 9 કરોડ 80 લાખ ડોલરના ઋણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આનાથી, ખેડૂતોને રોગમુક્ત વાવેતર સામગ્રી ઉપલબ્ધ થશે અને ઉત્પાદકતા, ફળોની ગુણવત્તા વધારવા અને આબોહવા પરિવર્તનની અસરોનો સામનો કરવામાં મદદ કરશે.

સ્વચ્છ છોડ કાર્યક્રમ હેઠળ આર્થિક બાબતોના વિભાગના સંયુક્ત સચિવ જુહી મુખર્જી અને ભારતમાં એડીબીના નિવાસી અધિકારી કાઈ વેઈ યેઓએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે ખાનગી નર્સરીઓ, સંશોધકો, રાજ્ય સરકારો અને ખેડૂત સંગઠનોને સામેલ કરવામાં આવશે.

.......................................................................

# LS-UWIN-PORTAL

સરકારે જણાવ્યું છે કે, સાર્વભૌમિક રસીકરણ કાર્યક્રમ એટલે કે, UIP હેઠળ 7.43 કરોડ જેટલા લાભાર્થીઓ નોંધાયા છે. આ કાર્યક્રમ હેઠળ સગર્ભા સ્ત્રીઓ અને શૂન્યથી 16 વર્ષ સુધી બાળકોને 12 જેટલા રોગો માટે જીવનરક્ષક રસી આપવામાં આવે છે.

લોકસભામાં એક લેખિત જવાબમાં, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે ગઈકાલે જણાવ્યું કે 1.26 કરોડ રસીકરણ સત્રો યોજવામાં આવ્યા છે, અને લગભગ 27.77 કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

.......................................................................

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PM AYUSHMAN BHARAT

આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ જણાવ્યું છે કે, પીએમ આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશનનો હેતુ દેશમાં આરોગ્ય સેવાઓની પહોંચ અને જાહેર આરોગ્ય માળખાને મજબૂત કરવાનો છે.

લોકસભામાં પૂરક પ્રશ્નનો જવાબ આપતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, આ મિશનનો હેતુ બ્લોક સ્તર પર 3 હજાર 300 જાહેર આરોગ્ય એકમો, 730 સંકલિત જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓ અને 602 ક્રિટિકલ કેર બ્લોક સ્થાપવાનો છે.

..........................................................................

# LS-ONE-STOP-CENTRES-ABROAD

વિદેશમાં મુશ્કેલીમાં મુકાયેલી ભારતીય મહિલાઓને મદદ કરવા માટે સરકારે નવ વન સ્ટોપ સેન્ટર-OSCના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુરે લોકસભામાં એક લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું. આ કેન્દ્રોમાં બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયામાં મળીને કુલ સાત તથા ટોરોન્ટો અને સિંગાપોરમાં એક એક કેન્દ્રનો સમાવેશ થાય છે. મંત્રીએ જણાવ્યું કે, વિદેશમાં ભારતીય નાગરિકો માટે ભારતીય સમુદાય કલ્યાણ ફંડની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ 2017મા સંશોધિત માર્ગદર્શિકાએ ભારતીય નાગરિકો, ખાસ કરીને મહિલાઓને મુશ્કેલીમાં સહાયતાનો વ્યાપ વિસ્તાર્યો છે.

..........................................................................

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# MINISTER OF TEXTILES

વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 અબજ ડોલર સુધી પહોંચાડવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે એમ કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે જણાવ્યું હતું. સુરતની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી ગિરીરાજ સિંહે ગઈકાલે કહ્યું કે, સુરત આપબળે ટેક્સ્ટાઈલ ઉદ્યોગના વિકાસનું મોડેલ બન્યું છે. શ્રી સિંહે ગઈ કાલે સુરતમાં ભારત ટેક્સ 2025નાં પ્રચાર માટે રોડ શો યોજયો હતો. 14 થી 17 ફેબ્રુઆરી-2025 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે BHARAT TEX: 2025- ગ્લોબલ ટેક્સ્ટાઈલ એક્ષ્પો યોજાશે. શ્રી સિંહે ગઈકાલે સુરતમાં વિવિધ ટેક્ષ્ટાઇલ પાર્કોની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતનું સુરત શહેર ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનું હબ છે, જેથી રાજ્ય સરકાર દ્વારા નવસારી જિલ્લાના વાંસી બોરસી ખાતે પીએમ મિત્ર પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે.

..............................................................................

# MANIPUR-MIZORAM-CM

મણિપુર સરકારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાની કથિત માંગણીની આકરી ટીકા કરી છે.

એક નિવેદનમાં, મણિપુર સરકારે જણાવ્યું કે, સરકાર અલગતાવાદી હિતોના ઇશારે પૂર્વોત્તર ભારતના વિભાજન માટે કામ કરતી વ્યક્તિ, જૂથ કે સંગઠનની

સામે કડક કાર્યવાહી કરશે. મિઝોરમના મુખ્યમંત્રીના એક અખબાર સાથેના ઇન્ટરવ્યુનો ઉલ્લેખ કરતા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મિઝોરમના મુખ્યમંત્રી નફરત અને વિભાજનની ભાવનાને ભડકાવવાને બદલે સારા પાડોશી બની શકે છે.

.................................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

.................................................................................

# MINISTER ASHWINI VAISHNAV GUJ

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આજે બપોરે સુરત વિમાનમથકે આવી પહોંચશે. ત્યાંથી તેઓ કીમ રેલવે સ્ટેશને જશે અને બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લેશે. ત્યારબાદ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લેશે.

શ્રી વૈષ્ણવ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગતિશક્તિ યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, ગતિશક્તિ

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

યુનિવર્સિટી પરિવહન અને લોજીસ્ટીક્સ ક્ષેત્રને સમર્પિત દેશની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.

.......................................................................................

# MAHAKUMBH-SHEKHAWAT

કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું છે કે, ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભ મેળો વૈશ્વિક એકતાનું પ્રતિક છે. ગઇકાલે મહાકુંભ 2025ના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી શેખાવતે કહ્યું કે, મહાકુંભ એ સંસ્કૃતિ, કળા અને હસ્તકલાના વૈશ્વિક આદાનપ્રદાનની તક અને વિવિધતાનો ઉત્સવ છે.

તેમણે કહ્યું કે, સરકાર દેશ અને વિશ્વને મહા કુંભ મેળા માટે શ્રેષ્ઠ રહેઠાણ, પરિવહન અને પ્રવાસ પ્રદાન કરવા માટે  સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે ભૂટાન, નેપાળ, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, મોરેશિયસ, મલેશિયા, મ્યાનમાર, અમેરિકા સહિતના દેશોના રાજદૂતો અને હાઈ કમિશનરો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે મહાકુંભ-2025 આવતા વર્ષે 13 જાન્યુઆરીથી શરૂ થશે અને 26 ફેબ્રુઆરીએ સમાપ્ત થશે.

.......................................................................................

# REV-BADMINTON

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

સૈયદ મોદી આંતરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાની સેમીફાઈનલ મેચો આજે લખનઉમાં રમાશે. મહિલા સિંગલ્સમાં, વિજેતા પીવી સિંધુનો સામનો દેશબંધુ ઉન્નતિ હુડા સામે થશે.

પુરુષ સિંગલ્સમાં લક્ષ્ય સેનનો મુકાબલો જાપાનના શોગો ઓગાવા સામે જ્યારે પ્રિયાંશુ રાજાવતનો મુકાબલો સિંગાપોરની જિયા હેંગ જેસન તેહ સામે થશે. ક્વાર્ટર ફાઇનલમાં ગઈકલે સિંધુએ ચીનની ડાઈ વાંગને તો લક્ષ્યે મીરાબા લુવાંગ મૈસ્નામને હરાવ્યો હતો. મહિલા  ડબલ્સમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી તથા અશ્વિની પોનપ્પા અને તનિષા ક્રેસ્ટોની જોડી પણ અંતિમ ચારમાં પહોંચી ગઈ છે.

. ............................................................................

# IMD-RAINFALL

હવામાન વિભાગે  દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર ચક્રવાતી તોફાન ફેન્જલ ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હોવાનું જણાવ્યું છે.

ચક્રવાત આજે બપોરે ઉત્તરપશ્ચિમ તરફ ઉત્તર તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. આજે ઉત્તર તમિલનાડુ, રાયલસીમા, દક્ષિણ તટિય આંધ્રપ્રદેશ અને યાનમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઇ છે.

ઉપરાંત આજે કેરળ, માહે, દક્ષિણ આંતરિક કર્ણાટક અને આંદામાન અને નિકોબાર ટાપૂ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

તા. 30-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

બીજી તરફ દિલ્હીમાં આગામી બે દિવસ સવાર અને સાંજના સમયે મધ્યમ ધુમ્મસ છવાઈ રહેવાની શકયતા છે.

……………………………………………………………………

# PRESIDENT-VISIT-CANCELLED

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની તમિલનાડુ કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના દીક્ષાંત સમારોહની મુલાકાત ખરાબ હવામાનને કારણે રદ કરવામાં આવી છે. હવે આ કાર્યક્રમની અધ્યક્ષતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ગોવિંદરાજન પદ્મનાભન કરશે.

……………………………………………………………………

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા...

- આજના વર્તમાનપત્રોએ અલગ અલગ સમાચારોને હેડલાઇન્સ બનાવી છે જેમાં જીડીપી ગ્રોથમાં ઘટાડાના સમાચાર લગભગ તમામ અખબારોમાં પ્રથમ પાને મુખ્ય સમાચાર તરીકે જોવા મળે છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં મુખ્યમત્રી પદ માટેની ચર્ચા, પોર્ન રેકેટ કેસમાં રાજ કુન્દ્રાના ઘર અને ઓફિસ પર દરોડા, સંસદના બંને ગૃહોમાં ચોથા દિવસે પણ કાર્યવાહી ઠપ જેવા સમાચાર પણ પહેલા પાના ઉપર જોવા મળી રહ્યાં છે
- જીડીપી બે વર્ષના તળિયે – આર્થિક મોરચે સરકારને પડકાર શીર્ષક સાથે ગુજરાત સમાચારે પ્રથમ પાને હેડ લાઇન બનાવી છે.

- નવગુજરાત સમયે પણ જીડીપી ગ્રોથ Q2માં ઘટીને 5.4 ટકા. - 21 મહિનાના તળિયે મથાળા સાથે પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- સંદેશે પણ આર્થિક વૃદ્ધિદર ઘટીને 5.4 ટકા, દોઢ વર્ષના નીચલા સ્તરે – આ હેડ લાઇન સાથે પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી અંગેનું કોકડું ફરી ગૂંચવાયું એવા શીર્ષક સાથે સંદેશ લખે છે કે કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમના વતન સતારા ચાલ્યા ગયા છે
- સ્થાનિક સમાચારોમાં – રાધે ડ્રોગન અને ધરતી સાકેત ગ્રૂપના મહેસાણા અમદાવાદ મોરબી સહિત 34 સ્થળે આવકવેરા વિભાગના દરોડાના સમાચાર તમામ અખબારોમાં જોવા મળે છે.

********************